## ધી ભિલોડા તા.પ્રા.શિ.ધિ. અને ગ્રા.સ.મં.લી ધ્વારા વેબસાઈટનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો



અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે કાર્યરત ધી ભિલોડા તાલુકા પ્રાથમિક શિક્ષક ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી. ધ્વારા વેબસાઈટનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો.સભાસદોમાં આનંદની લાગણી પ્રસરી છે. ધી ભિલોડા તાલુકા પ્રાથમિક શિક્ષક ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી. સેક્રેટરી કાંતીલાલ એસ.પટેલએ જણાવ્યું કે,વર્ષ-૧૯૬૫ માં મંડળીની સ્થાપના કરાઈ હતી.પા-પા પગલી કરતા - કરતા આજે વટવૃક્ષ બન્યું છે ત્યારે મંડળીએ ખુબ જ સારી પ્રગતિ કરી છે.મંડળીના સભાસદોના સર્વાંગી હિતમાં મંડળીનો સંપુર્ણપણે સ્વચ્છ રીતે કુશળ વહીવટ ઓનલાઈન શરૂ કરવાના ભાગરૂપે શુભ મુહૂર્ત દરમિયાન ચેરમેન રશમીનભાઈ કે. કલાસવા, વા.ચેરમેન ડાહ્યાભાઈ એમ. વણકર સહિત સમગ્ર કારોબારી સભ્યોની ઉપસ્થિતી દરમિયાન મંડળીની ઓનલાઈન વેબસાઈટનો લોકાર્પણ કાર્યક્રમ આનંદ ઉલ્લાસભેર યોજાયો હતો. ભિલોડા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના જગદીશભાઈ ખરાડી,મંત્રી જયંતિભાઈ બરંડા,ઉપ પ્રમુખ રમેશભાઈ પટેલ,સહમંત્રી જયેશભાઈ પટેલ,શૈક્ષણિક સંઘના તાલુકા પ્રમુખ જયદિપસિંહ રાઠોડ,મંડળીના પુર્વ ચેરમેનો,જુથ મંત્રીઓ,સી.આર.સી.કો.ઓ,સ્ટાફ પરીવાર સહિત શિક્ષકો,સભાસદો ઉપસ્થિત રહ્યા હતા.ભિલોડા તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી,એન.એ.ડામોર, બી.આર.સી.કો.ઓ ચેતનાબેન પટેલએ બિરદાવ્યા હતા.ઓનલાઈન વેબસાઈટ લોકાર્પણ દરમિયાન સભાસદોમાં આનંદની લાગણી વ્યક્ત કરાઈ હતી.

## અરવલ્લી : મોડાસા ટાઉન પોલીસે ખલીકપુર ગામમાં યુવક-મહિલા બુટલેગર ઝડપાયા



સ્ટેટ મોનેટરીંગ સેલે વાંટડા ટોલપ્લાઝા નજીક ટ્રકમાંથી ૨૩.૬૮ લાખના દારૂની હેરાફેરીનો પર્દાફાશ કરતા અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર દોડતી થઇ છે રનીંગ ટ્રકમાંથી વિદેશી દારૂ ઝડપાતા સ્થાનિક પોલીસ પરથી ખતરો ટળ્યો હોવાનું પોલીસ સૂત્રો પાસેથી માહિતી પ્રાપ્ત થઇ હતી અગાઉ સ્ટેટ મોનીટરીંગની સેલ જીલ્લામાં ચાલતા દારૂના અડ્ડા પર ત્રાટકતા કેટલાક અધિકારીઓ અને કર્મીઓએ સસ્પેન્ડ થવાનો વારો આવ્યો હતો સ્ટેટ મોનેટરીંગ ટીમ ત્રાટકી સ્થાનિક પોલીસનો ભોગ લે તે પહેલા અરવલ્લી જીલ્લા પોલીસતંત્રએ સ્થાનીક બુટલેગરો પર તવાઈ બોલાવી છે બુટલેગરોને હાલ પૂરતો દારૂનો ધંધો બંધ કરવાનો આદેશ થયો હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનના કેટલાક કર્મીઓ સાથે ખલીકપુરના બુટલેગર વિશાલ ચૌહાણને ઘરાબો હોવાનું ચર્ચાઈ રહ્યું છે મોડાસા ટાઉન પોલીસે ખલીકપુર ગામમાં વિશાલ ચૌહાણે પાડોશમાં રહેતી મહિલાના ઘરે સંતાડેલ ૩૯ હજારનો વિદેશી દારૂ ઝડપી પાડી મહિલાની ધરપકડ કરી પોલીસ રેડની જાણ થતા વિશાલ ચૌહાણ ફરાર થઈ જતા પોલીસે ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. મોડાસા ટાઉન પીઆઇ બી.કે.ભરાઈના માર્ગદર્શન હેઠળ પોલીસે ખલીકપુરમાં ઘરમાં ચાલતા દારૂના અડ્ડાનો પર્દાફાશ કર્યો હતો ખલીકપુર ગામનો વિશાલ રણજીતસિંહ ચૌહાણ વિદેશી દારૂ અને બિયર ટીન તેની પાડોશમાં રહેતી શાંતાબેન અમરાજી બામણીયાના ઘરે સંતાડી દારૂનો વેપલો કરતો હોવાની બાતમી મળતા શાંતાબેનના ઘરે ત્રાટકી ઘરમાં સંતાડી રાખેલ ૩૯ હજારનો વિદેશી દારૂ અને બીયરના ટીન જપ્ત કરી શાંતાબેન ચૌહાણને દબોચી લીધા હતા વિશાલ ચૌહાણ ફરાર થઈ જતા પોલીસે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

## પ્રાંતિજ ખાતે ઉધરાણા કેસ : પ્રાંતિજ ખાતે બિલ્ડરે બાંધકામની મંજુરી માટે ખોટા દસ્તાવેજો રજુ કર્યા




સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે એક બિલ્ડરે બાંધકામ ની મંજુરી ઓનલાઈન માંગી ખોટા દસ્તાવેજો રજુકરી મંજુરી લીધી. પ્રાંતિજ નગરપાલિકા વિસ્તાર નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ એક કોમ્પલેક્ષ મા બાંધકામ માટે ની રજા ચિઠ્ઠી મેળવવા માટે અમદાવાદ ઠક્કર નગર નરોડા ખાતે રહેતા બિલ્ડર રાજ રમણલાલ વેકરીયા બાંધકામ મંજુરી માટે ખોટા દસ્તાવેજો રજુ કરી અધિકારીઓ અને સત્તાધિશો સાથે મળી સાંઠગાંઠ કરી ૭,૮૨,૪૦૮ રૂપિયા તા.૨૦।૬।૨૦૨૨ ના રોજ જમા કરાવી પોહચ નંબર- ને૧૦૯૧ઍર૨૨૩૦૦૦૦૦૭ જમા લેવામા આવ્યા હતા પરંતુ સદર ભરેલી રકમ આજસુધી પ્રાંતિજ નગરપાલિકા મા જમા થયેલ નથી આ અંગે આરસીએમ પ્રાદેશિક કચેરી સુધી અરજીઓ થયેલ છે પણ હજુ સુધી કોઈ કચેરી દ્રારા તપાસ હાથ ધરવામાં આવી નથી ત્યારે જો ખરેખર તપાસ થાયતો આના સિવાય કેટલાય કિસ્સાઓ બહાર આવી શકે છે ત્યારે હાલતો બિલ્ડર દ્રારા ભરેલ રકમ પાલિકા પાસે જમા નથી થઈ ત્યારે ખરેખર તપાસ થાય તો આવા કેટલાય કૌભાંડો બહાર આવે તેમ છે.

## કેન્દ્રીય મંત્રી અજય ભટ્ટે પાટીદાર સમાજના યુવા અગ્રણી સ્વ.મુકેશ પટેલને શ્રદ્ધાંજલિ અર્પી



મોડાસા બિલ્ડર્સ એસો.ના પ્રમુખ અને નાગરિક બેંકના પૂર્વ ચેરમેન કમલેશ પટેલ અને શહેર ભાજપ મહામંત્રી તારક પટેલના ભાઈનું ટૂંકી માંદગી બાદ નિધન થતા ઓધારી માતાજી મંદિર ખાતે યોજાયેલ શોકસભામાં કેન્દ્રીય સંરક્ષણ રાજ્ય મંત્રી અજયભાઈ ભટ્ટ, ભાજપ જીલ્લા પ્રમુખ રાજેન્દ્ર પટેલ અને તેમની ટીમ અને રાજકીય અગ્રણીઓ અને શહેરીજનોએ શ્રદ્ધાંજલિ અર્પી હતી

## મોડાસા વિધાનસભામાં ઘોડે ચઢવા ઉમેદવાર તલપાપડ, સોનેરી હીરણે કપડાં ઉતાર્યાની ચર્ચાઓ ફરી જોરમાં

હિંમતનગર, તા.૦૮

ગુજરાત વિધાનસભાની ચૂંટણીની તારીખો ગમે ત્યારે જાહેર થઈ શકે છે ત્યારે મોડાસા વિધાનસભાના જંગમાં ઝંપલાવવા માટે એક ઉમેદવાર સૌથી વધુ તલપાપડ છે અને જાહેરમાં મારે ચૂંટણી નથી લડવાની તેવું જૂઠ ચલાવી રહ્યો છે. ત્યારે અગાઉ સોનેરી હીરણે કપડાં ઉતાર્યાની ચર્ચાઓ ફરી જોરમાં આવી ગઈ છે. કાર્યકરોમાં ચર્ચા છે કે મહાશય વતનના તાલુકા મથકમાં એકપણ કાર્યક્રમમાં કેમ દેખાતો નથી અન્ય વિસ્તારોમાં તેની વધુ હાજરીની ખાણફણુંશિયા કાર્યકરોએ જોરદાર નોંધ લીધાનું બે દિવસથી સંભળાઈ રહ્યું છે.

**કાર્યકરોમાં ચર્ચા મહાશય વતનના તાલુકા મથકમાં કેમ દેખાતો નથી, અન્ય વિસ્તારમાં વધુ હાજરીની નોંધ લેવાઈ**

કેટલાક રાજકીય પક્ષોએ શું ભૂલ કરી છે તે અત્યારે ભલે ન દેખાય પરંતુ વિધાનસભા ચૂંટણી દરમ્યાન જે તે રાજકીય પક્ષને તેની આકરી કિંમત ચૂકવવી પડશે. પુત્રનાં લક્ષણ પારણામાં...ની ઉક્તિ અનુસાર મોડાસા વિધાનસભા બેઠક ઉપર ઘોડે ચઢવા માટે એક ઉમેદવાર તલપાપડ થઈ રહ્યો છે અને ટીકીટ આપવામાં આવે તો ૪૦ હજારથી પણ વધુ મતથી જીતે તેવું તેના ખાસ ચમચાઓ દ્વારા પ્રદેશ સુધી કહેવડાવ્યું છે. કોઈ વાહન પકડાય તો અધિકારી તેના ફોનથી વાહન છોડતો નથી અને સ્પષ્ટ ભાષામાં સુનાવી દે છે કે તારે જે કરવું હોય તે કરી લેજે, મારી બદલી કરાવી દેજે પરંતુ તારી કોઈપણ ભલામણ સાચી કે ખોટી હશે સાંભળવામાં નહીં આવે, હું અરવલ્લી જિલ્લામાં નોકરી આવ્યો ત્યારે બેગ સાથે લઈને આવ્યો છું અને બદલી થાય તો પણ મને જરાપણ અફસોસ નથી અને તું રાજકીય પક્ષ માટે જ કલંકરૂપ છે તેવું ખુલ્લેઆમ હિંમતવાન અધિકારીએ સુનાવી દીધું હોવા છતાં લાજ શરમ વગરના આ આગેવાને અનેક વખત ખોટી ભલામણો કર્યામાં કોઈ કસર રાખી નથી અને હવે મહાશયને ધારાસભ્ય બનીને વિધાનસભા ગૃહમાં બેસવાના અભરખા જાગ્યા છે. પરંતુ તેનો સમાજ જ તેને ઘર ભેગો કરી દેવા માટે અધીરો બન્યો છે.

લોક ચર્ચા તો એવી છે કે થોડાક સમય અગાઉ સોનેરી હીરણે તેનાં કપડાં ઉતારીને ૪૮ સેકન્ડનો વિડીયો ઉતારી લીધો છે. અને હવે વતનના તાલુકામાં ક્યાંય પણ ફરક તો નથી અને જો ફરીવાર જાહેર કાર્યક્રમમાં દેખાય તો તેના વિરોધીઓના હિતેચ્છુઓએ હવે અગાઉ કરતાં પણ વધુ ખરાબ સ્થિતિમાં લાવી દેવાનો નિશ્ચય કર્યાનું જગજાહેર સંભળાઈ રહ્યું છે.

### ભૂદેવ શરદોત્સવ....

## સામાજીક એકતાનો રાસોત્સવ થીમ પર પાલનપુર સૌ પ્રથમવાર યોજાશે રાસ ગરબા

પાલનપુર તા. ૮

પાલનપુર માં સૌ પ્રથમવાર બ્રહ્મસમાજ દ્વારા "ભૂદેવ શરદોત્સવ..સામાજીક એકતા નો



રાસોત્સવ" થીમ પર રાસ ગરબા નું આયોજન કરવામાં આવેલ છે.

જેમાં ભુદેવ નાં તમામ ગોળ એક મંચ પર લાવવાનો ભગીરથ પ્રયાસ કરાયો છે.બ્રહ્મસમાજ દ્વારા આયોજીત આ કાર્યક્રમ આગામી તા.૦૯/૧૦/૨૦૨૨ ને રવિવારે રાત્રે ૮:૦૦ કલાકે પાલનપુર અમદાવાદ હાઈવે રિદ્ધિ સિદ્ધિ પાર્ટી પ્લોટ ખાતે યોજાશે.

જેમાં ભુદેવ નાં તમામ ગોળ એક મંચ પર જોવા મળશે.જેના આયોજન ને લઈને મીટ ધ પ્રેસ યોજાઈ હતી.જેમાં શરદોત્સવ ૨૦૨૨ ના આયોજન અંગે અશ્વીનભાઈ દવે એ પત્રકારો નું સ્વાગત કર્યું હતું. અને શરદોત્સવ ૨૦૨૨ ના આયોજન અંગે ની પ્રાથમિક વિગતો આપી હતી. મનોજ ઉપાધ્યાય એ સામાજિક સમરસતા અને એકતા ના ઉતમ ઉદ્દેશ્યથી અને જુદા જુદા ગોળ પરગણાં ના બનાસકાંઠા જિલ્લાના તમામ ભૂદેવો ને એક મંચ પર એકઠા કરવા ના મુખ્ય ઉદ્દેશ ની વિશિષ્ટ છણાવટ કરી હતી.

ભૂદેવ સમાજ ને એક તાંતણે બાંધવાના ભગીરથ પ્રયાસ માં સહભાગી થવા અને શરદોત્સવ ૨૦૨૨ માં ભાગ લેવા રમેશચંદ્ર પંડયા એ અનુરોધ કર્યો હતો.

## ધાનેરાની સરકારી કચેરીમાં મળતાં ફ્રી ફોર્મ વિનામૂલ્યે મળતા નથી

### લોકોની પાંચથી દસ રૂપિયામાં બહારથી ખર્ચવા પડે છે

ધાનેરા તા.૮

ધાનેરાની લગભગ દરેક કચેરીમાં નગરપાલિકા તેમજ પુરવઠા મામલતદાર ઈ ધારા સ્થળે રેશનકાર્ડ માટે દાખલા માટે તેમજ અન્ય સરકારી કચેરીમાં વિનામૂલ્યે સરકાર તરફથી જ આપવાનું જાહેર કરેલ છે. પરંતુ સરકારી કચેરીઓમાં આજદિન સુધી કોઈ વિનામૂલ્યે ફોર્મ મળતા નથી અને બહારથી લાવવાનું કહેવામાં આવે છે બહાર બેઠેલા તેમના વચેટિયાઓ ઝેરોક્ષ વાળા સાથે સેટીંગ કરેલ હોવાનું લોકો દ્વારા જાણવા મળેલ છે. ગરીબ લોકોની પાસેથી એક ફોર્મ નાં પાંચ-દસ રૂપિયામાં લેવામાં આવે છે. સરકાર માં આવતા આવા ફોર્મ બહાર વેચાઈ જાય છે કે શું? સરકારી કચેરી મળતા વિનામૂલ્યે ફ્રી ફોર્મ કેમ હાજરમાં હોતા નથી. જીલ્લા કલેકટર સાહેબ આ બાબતે તટસ્થ તપાસ કરે અને ગરીબોને મળતા ફ્રી ફોર્મ વિના મૂલ્યે મળે તેવી લોકોની માંગ છે.

## ડીસા તાલુકામાં ઘરે ભણાવવા આવતા ટ્યુશન શિક્ષકે સગીરા ઉપર દુષ્કર્મ આચર્યું

ડીસા તા. ૮

બનાસકાંઠા જિલ્લાના ડીસામાં ફરી એકવાર ગુરુ-શિષ્યના સંબંધોને બદનામ કરતી ઘટના પ્રકાશમાં આવી છે.ઘરે ભણાવવા જતા શખ્સે સગીર વિદ્યાર્થીનીના અશ્લીલ ફોટા પાડી દુષ્કર્મ આચરતા ડીસા ઉત્તર પોલીસ મથકે શિક્ષક વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ છે. ડીસા તાલુકાના માલગઢમાં ઘરે ભણાવવા જતા ટ્યુશન સંચાલકે સગીર વિદ્યાર્થીની પર દુષ્કર્મ આચરતા પોલીસ ફરિયાદ નોંધાઈ છે. માલગઢ ગામે રહેતા જય દિનેશભાઈ ટાંક નામનો ૩૦ વર્ષીય યુવક એક પરિવારના ચાર વિદ્યાર્થીઓને ભણાવવા માટે તેના ઘરે જતો હતો તે દરમિયાન, એક દિવસ સગીરાને ટ્યુશન સંચાલક બાઈક પર હાઈવે પર આવેલી એક ખાનગી હોટલમાં લઈ ગયો હતો. જ્યાં સગીરાના અશ્લીલ ફોટા પાડી તેની મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચર્યું હતું. જે અંગેની જાણ સગીરા સહિત તેના પરિવારજનોને થતા, ડીસા ઉત્તર પોલીસ મથકે પહોંચ્યા હતા અને દુષ્કર્મ આચરનાર શખ્સ સામે ફરિયાદ નોંધાવી હતી.જેથી પોલીસે આરોપીને ઝડપી પાડી તેની વિરુદ્ધ પોકસો એકટ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ડીસા માર્કેટયાર્ડના ચેરમેન વિરુદ્ધ છેતરપીંડીની ફરિયાદ દાખલ થતાં ખળભળાટ....!!!

ડીસા તા. ૮

ઉત્તર ગુજરાતમાં બીજા નંબરનું ગૌરવવંતુ સ્થાન ધરાવતા ડીસા માર્કેટયાર્ડના ચેરમેન અને ભાજપના નેતા માવજી દેસાઈ સામે રાજસ્થાનમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ છે. જેમાં માવજીભાઈ દેસાઈની એરોમા રિયાલિટીઝ કંપની લિમિટેડે રાજસ્થાનમાં મુખ્યમંત્રી આવાસ યોજના હેઠળ ૯૭૦ મકાન બનાવ્યા હતા અને મટીરીયલ પૂરું પાડનાર વેપારીઓ સાથે કરાર કર્યા હતા. આ મકાનો બની ગયા બાદ એક પણ વેપારીને પૈસા ચૂકવવામાં આવ્યા નથી જે માટે ૧૪ જેટલા વેપારીઓએ તેમના મટીરીયલના પૈસા માટે માવજી દેસાઈ પાસે વારંવાર ઉઘરાણી કરી હતી પરંતુ તેમને પૈસા આપવાના બદલે તેઓ ભાજપના નેતા હોવાનો રોફ બતાવી વેપારીઓને ધમકાવ્યા હતા આખરે કંટાળેલા વેપારીઓએ ઉદયપુરમાં હિરન મગરી પોલીસ મથકે માવજી દેસાઈ સહિત સાત લોકો સામે છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. જેમાં ૧૪ જેટલા વેપારીઓ પાસેથી માલ સામાન લીધા બાદ પૈસા ન ચુકવતા પોલીસે માવજી દેસાઈ સહિત સાત લોકો સામે આઈપીસી કલમ ૪૨૦ ૪૦૬ અને ૪૨૦ બી મુજબ ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે,વિધાનસભાની ચૂંટણી નજીક છે ત્યારે આ ફરિયાદથી રાજકીય ખળભળાટ છવાયો છે.

## ઉબસલ પાદરા ગામે મહૂડાના ઝાડ ઉપર મહિલાનો લટકતો મૃતદેહ

### મળ્યો રાત્રે બનાવ સ્થળે લોકટોળાં ઉમટ્યાં, અજાણી મહિલાની હત્યા કરાયાની આશંકા

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૦૮

ભિલોડા તાલુકાના ઉબસલપાદરા(મહૂડીયાદડા) ગામે રાત્રે સીમાડામાં આવેલા મહૂડાના ઝાડ ઉપર કોઈ અજાણી મહિલાનો મૃતદેહ ફાંસો ખાધેલી હાલતમાં લટકતો જોવા મળતાં લોકટોળાં એકત્ર થઈ ગયાં હતાં. અજાણી મહિલાએ આત્મહત્યા કરી છે કે પછી કોઈએ ઠંડા કલેજે હત્યા કરી લાશને ઝાડ ઉપર લટકાવી છે..?? વગેરે સવાલો ચર્ચાનો વિષય બન્યા છે. બનાવ અંગે ભિલોડા પોલીસે એડી નોંધી છે.

છેલ્લા કેટલાક સમયથી ભિલોડા પોલીસ સ્ટેશનની હદમાં અજાણ્યા પુરુષ અને મહિલાઓના મૃતદેહ મળી આવવાનો સિલસિલો શરુ થયો છે. પોલીસ કેટલાક બનાવોમાં એડી નોંધી માંડ તપાસ શરુ કરી છે ત્યાં વધુ એક મહિલાનો મૃતદેહ ઝાડ ઉપર ફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો છે. તાલુકાના ઉબલપાદરા ગામે તા.



ના રોજ રાત્રે મહૂડાના ઝાડ ઉપર સાડીના પાલવ વડે મહિલાનો મૃતદેહ લટકતો જોવા મળ્યો હતો જેથી તરેહ તરેહની ચર્ચાઓ સાથે ગ્રામજનો ઘટના સ્થળે એક થઈ ગયા હતા. મહિલા ક્યાંની છે અને કયા કારણોસર ઝાડ ઉપર ફાંસો ખાધો. ?? વગેરે સવાલો પોલીસ માટે તપાસનો વિષય બન્યા છે. જે રીતે મહૂડાના ઝાડ ઉપર મહિલાનો મૃતદેહ મળી આવ્યો છે તે જોતાં હત્યા કરાયાની આશંકા પણ આ તબક્કે વ્યકત થઈ છે. પોલીસને મૃતદેહની જાણકારી મળતાં તાબડતોબ ઘટના સ્થળે પહોંચી હતી જયાં અજાણી મહિલાના મૃતદેહને નીચે ઉતારી પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલી આપ્યો હતો. મહિલાની ઓળખ થાય તેવા કોઈ સુરાગ મળ્યા ન હોવાથી પોલીસ માટે મૃતકની ઓળખ કરવી મુશ્કેલ બની છે. બનાવ અંગે લક્ષ્મણભાઈ બાબુભાઈ નિનામાની ખબરના આધારે ભિલોડા પોલીસે એડી નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### પુત્ર દ્વારા ફાયરીંગનો મુદ્દો ટોક ઓફ ધ ટાઉન

## અરવલ્લી જિલ્લા પંચાયત પ્રમુખને હોદા ઉપરથી સસ્પેન્ડ કરવાની માંગ ઉઠી

### જિલ્લાના પ્રથમ નાગરિકના પરિવારના ત્યાં પોલીસના આંટાફેરા

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૦૮

ભાજપ દ્વારા કેટલાક કિસ્સાઓમાં મનસ્વી નિર્ણય લઈ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના સભ્યોને બરતરફ તેમજ હોદા ઉપરથી દૂર કરવામાં આવતા હોય છે ત્યારે ભાજપ શાસિત અરવલ્લી જિલ્લા પંચાયત પ્રમુખના પુત્રએ દશેરાના દિવસે આકાશ ભણી પિસ્તોલ તાકી ફાયરીંગ કર્યાનો વિડીયો વાયરલ થયા પછી ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે ત્યારે જિલ્લા પંચાયત પ્રમુખને પણ હોદા ઉપરથી સસ્પેન્ડ કરવાની માંગ ધીમા સ્વરે ઉઠી છે. છેલ્લા ૩ દિવસથી જિલ્લાના પ્રથમ નાગરિકના પરિવારના ત્યાં મલાસા ગામે પોલીસના આંટાફેરા વધી ગયા છે.

અરવલ્લી જિલ્લા પંચાયત પ્રમુખ લાલસિંહ ચૌહાણના પુત્ર વિરભદ્ર ચૌહાણે દશેરાના દિવસે હવામાં ફાયરીંગ કરી દબંગગીરી કરવાનો પ્રયાસ કર્યો હતો. સોશ્યલ મીડીયામાં ધાક જમાવવા કે પછી વાહ વાહી મેળવવા માટે ફાયરીંગનો વિડીયો ફરતો કર્યા પછી હવે કાનૂની પેચમાં ફસાયા છે અને સંભવત રીવોલ્વરનું લાયસન્સ રદ થઈ જાય તેવી સંભાવના પણ જોવાઈ રહી છે ત્યારે જિલ્લા પંચાયત પ્રમુખ લાલસિંહ હિંમતસિંહ ચૌહાણના પુત્રએ ફાયરીંગ કર્યા પછી ભાજપ પણ બેકફૂટ પર આવી જતાં જિલ્લા પંચાયત પ્રમુખનું પણ રાજીનામું નહીં લેવાય તો આગામી ચૂંટણીના પ્રચાર દરમ્યાન ખાસ કરીને ભિલોડા અને મેઘરજ તાલુકામાં આ મુદ્દો ભાજપ માટે માથાના દુખાવા સમાન બની રહ્યો છે. છેલ્લા કેટલાક સમયથી જિલ્લા પંચાયતમાં પ્રમુખના કાર્યાલયમાં માનીતાઓના જ અડીંગા હોય છે અને આમ પ્રજાને મળવું હોય તો દુષ્કર થઈ ગયું છે. આ સંજોગોમાં ભાજપે પણ પ્રજા સાથે સીધો સંપર્ક રાખતા સભ્યને પ્રમુખ પદે બેસાડવા જોઈએ તેવો વ્યાપક જનમત પ્રવર્તિ રહ્યો છે અને જિલ્લા પંચાયત પ્રમુખના પુત્રએ હવામાં ફાયરીંગ કરવાનું જે પરાક્રમ સોશ્યલ મીડીયામાં વાયરલ કર્યું છે તેના ઉપરથી પક્ષના સંનિષ્ઠ કાર્યકરો પણ સમસમી ઉઠ્યાના ગોપનીય અહેવાલ સામે આવ્યા છે. પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ આ મુદ્દે ઝડપથી નિર્ણય લેશે ખરા.?? જ્યારે જિલ્લા સંગઠન પ્રભારી જિલ્લામાં બનતી અનેક ઘટનાઓથી પ્રદેશને અંધારામાં રાખતા હોવાની છબી જગજાહેર છે.

## કેન્દ્રીય સંરક્ષણ રાજ્ય મંત્રી અજય ભટ્ટ : મોડાસા બહેરા-મુંગા શાળા અને લાયન્સ આઈટીઆઈની મુલાકાતે

મોડાસા,તા. ૮

ગુજરાત વિધાનસભાની ચૂંટણી ઢૂંકડી દેખાઈ રહી છે, ભાજપ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી મતદારોને રીઝવવા મથામણ કરી રહી છે ભાજપે રાજ્યમાં ગૌરવ યાત્રામાં કેન્દ્રીય નેતાઓની ફોજ ઉતારી દીધી છે

ગુજરાતની મુલાકાતે પહોંચેલા કેન્દ્રીય સંરક્ષણ રાજ્ય મંત્રી અજય ભટ્ટ બે દિવસ અરવલ્લી જીલ્લાની મુલાકાતના પ્રથમ દિવસે ટાઉનહોલમાં સભા સંબોધી સાંજે મોડાસા શહેરમાં



લાયન્સ સોસાયટી સંચાલિત શ્રી વા.હી.ગાંધી, બહેરા મુંગા શાળા અને રાજ્યની એક માત્ર દિવ્યાંગ બાળકોને ઔધોગિક તાલીમ આપતી લાયન્સ આઈટીઆઈની અને ટ્રસ્ટીઓની શુભેચ્છા મુલાકાત કરી હતી.

કેન્દ્રીય સંરક્ષણ રાજ્ય મંત્રી અજય ભટ્ટે શુક્રવારે સાંજે મોડાસા શહેરમાં બસ સ્ટેન્ડ પાછળ આવેલી લાયન્સ સોસાયટી સંચાલીત બહેરા મૂંગા શાળા અને આઈટીઆઈની શુભેચ્છા મુલાકાત કરી શાળા અને આઈટીઆઈમાં ચાલતા બાળકોના અભ્યાસનું બારીકાઈથી નિરીક્ષણ કરી શૈક્ષણિક સ્ટાફ અને લાયન્સ સોસાયટીની સરાહના કરી હતી કેન્દ્રીય મંત્રી અજય ભટ્ટ સાથે જીલ્લા પ્રભારી જયશ્રી દેસાઈ, જીલ્લા પ્રમુખ રાજેન્દ્ર પટેલ, નિલાબેન મોડિયા, ભીખાજી ડામોર, જગદીશ ભાવસાર ઉપસ્થિત રહ્યા હતા શાળામાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓએ પ્રાર્થના અને સ્વાગત ગીત રજુ કરતા મંત્રી અજય ભટ્ટ તેમનામાં રહેલી શક્તિથી અભિભૂત થયા હતા દિવ્યાંગ બાળકો સાથે વાર્તાલાપ કરવાનો પ્રયત્ન કરી બાળકોના દિલ જીત લીધા હતા

કેન્દ્રીય સંરક્ષણ મંત્રી અજય ભટ્ટ અને જીલ્લા ભાજપના હોદ્દેદારોને બહેરા મૂંગા શાળાના વિદ્યાર્થીઓએ કુમકુમ તિલક પુષ્પવર્ષા કરી ઢોલ-નગારા તાલે લાયન્સ સોસાયટીના ટ્રસ્ટીઓ અને લાયન્સ ક્લબ મોડાસાના હોદ્દેદારોએ બુકે અને પુષ્પગુચ્છ આપી આવકાર્યા હતા લાયન્સ સોસાયટીના ચેરમેન ડૉ.ટી.બી.પટેલે સંસ્થામાં અભ્યાસ કરતા બાળકો અને અભ્યાસ અંગે ચિતાર્થ રજુ કર્યો હતો આ પ્રસંગે લાયન્સ સોસાયટીના મંત્રી ભાવેશ જયસ્વાલ, ડૉ.જીતેન્દ્ર પટેલ, ડૉ.સુરેશ પટેલ, રામભાઈ પટેલ, કનુભાઈ પટેલ,પરેશ શાહ તેમજ લાયન્સ ક્લબ ઓફ મોડાસાના પ્રમુખ જનક જોશી અને મંત્રી જય અમીન હાજર રહ્યા હતા શાળાના વહીવટી સ્ટાફ અને શૈક્ષણિક સ્ટાફે સુંદર આયોજન કર્યું હતું

## બનાસકાંઠાના ત્રણ અને પાટણના બે ચીફ ઓફિસરની બદલી કરાઈ

### પાલનપુર,ડીસા,ભાભર,પાટણ અને સિદ્ધપુર પાલિકાના ચીફ ઓફિસરની બદલી : મતદાર યાદીના કામ અને જાહેર હિત માટે ચીફ ઓફિસરોની બદલીના હુકમ કરાયા

પાલનપુર તા. ૮

ઉત્તર ગુજરાતના બનાસકાંઠા અને પાટણ જિલ્લાની પાંચ નગરપાલિકા ચીફ ઓફિસરોની આંતરિક બદલીના હુકમો કરવામાં આવ્યા છે આગામી વિધાનસભા ની ચૂંટણી ને લઈ મતદાર યાદીના કામ માટે તેમજ જાહેર હીત ને ધ્યાને રાખી ચીફ ઓફિસરોનું બદલીઓ કરાઈ છે.

રાજ્ય સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્રારા મતદાર યાદીના કામ માટે તેમજ જાહેર હિત માટે રાજ્યની વિવિધ ૨૦ નગરપાલિકા ના ચીફ ઓફિસરોની બદલીના હુકમ કરાયા છે .

જેમાં બનાસકાંઠા આ ત્રણ અને પાટણ જિલ્લાના બે ચીફ ઓફિસર ની બદલી કરાઈ છે .પાલનપુર નગરપાલિકાના ચીફ ઓફિસર ગૌરાંગ પટેલની દેવગઢ બારીયા,ડીસા પાલીકા ના ચીફ ઓફિસર ઉપેન્દ્ર ગઢવીની સિક્કા,ભાભર પાલીકાના ચીફ ઓફિસર કુ.વૈશાલીબેન નિનામાં ની ડીસા,પાટણ પાલિકાના ચિફિસર પંકજ બારોટની પાલનપુર અને સિદ્ધપુર પાલિકાના ચિફિસર સંજય પટેલની રાધનપુર નગર પાલિકાના ચીફ ઓફિસર તરીકે બદલી કરાઈ છે.